सत्यमेव जयते

**નમુનો–અ**

| **મે. એડીશનલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માંગરોળ, જી.સુરત**<br>**આંક – ૧૨**<br>**ચુકાદાની તારીખ : ૧૫/૦૬/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. ૩૨૫૭/૨૦૨૫** | |
|---|---|
| **ગુનાની વિગત** | |
| ફરીયાદીનું નામ | **શ્રી સરકાર** |
| ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી. | એસ. એન. ચાંપાનેરીયા |
| આરોપીનું નામ | **તરૂણભાઈ સહદેવભાઈ વસાવા**<br>રહે.ઈસનપુર ગામ, નવિ વસાહત ફળીયું, તા.માંગરોળ, જી.સુરત |
| આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી | એમ. ડી. વસાવા |

**:: નમૂનો–બ ::**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| તહોમતનામુ / પ્લીની તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –––– |

**:: આરોપીની વિગત ::**

| અ નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **તરૂણભાઈ સહદેવભાઈ વસાવા** | ૨૧/૦૭ /૨૦૨૫ | ૨૧/૦૭ /૨૦૨૫ | ભા. ન્યા. સં. ની કલમ– ૨૮૧ મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | -- | -- |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ વીટનેશ**

**એ. ફરીયાદપક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા. ૧ | ૭ | કેતનભાઈ પ્રેમજીભાઈ ઝાલા | ફરીયાદી |

**બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

**સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| નથી. | | | |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી**

**એ. ફરિયાદપક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૮ | ફરીયાદ |
| ૨ | ૯ | પંચનામું |

**બી. બચાવપક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. | | |

**સી. કોર્ટ દ્વારા**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| કોઈ નથી. | | |

ડી. મટીરીયલ ઓબ્જેકટસ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

## :: ચુકાદો ::

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, તા.૨૧ /૦૭/૨૦૨૫ ના રોજ મોજે વાંકલ એન ડી દેસાઈ હાઈસ્કુલની સામે જાહેર રોડ પર પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી માણસની જિંદગી જોખમાય તે રીતે હંકારેલ હોય તે અન્વયે આરોપી વિરૂધ્ધ ધી ભારતીય ન્યાય સં હિતાની કલમ–૨૮૧ મુજબનો ગુન્હો નોંધાયેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસના અંગે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ગુન્હા સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ.

(૨) આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ મુજબના ગુન્હાનું સં જ્ઞાન લઈ, સમન્સ કાઢતા, આરોપી હાજર થતા, આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી  કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સં હિતાની કલમ–૨૮૧ મુજબના ગુનાની પ્લી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરતા સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા સબબ કામ મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના કામે ઉપરોકત **નુમના નં .(ક)** માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) સદરહું કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ વિશેષ નિવેદન નોંધવા

જેટલો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

આરોપી પક્ષે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, તમામ હકીકતો જોતા આરોપી વિરૂધ્ધનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કેસના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧ /૦૭/૨૦૨૫ ના રોજ મોજે વાંકલ એન ડી દેસાઈ હાઈસ્કુલની સામે જાહેર રોડ પર પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી માણસની જિંદગી જોખમાય તે રીતે હંકારેલ હોય તે અન્વયે આરોપી વિરૂધ્ધ ધી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નકારમાં. |
| ૨ | આખરી હુકમ મુજબ |

**:: કારણો ::**

ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્પિત કોઈ નીયમ નથી.પુરાવાનુ મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે.પુરાવાના મુલ્યાં કનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબીતી

અને નાસાબીતની વ્યાખ્યા ઉપર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે, તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતો હોય તો, તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ અંગેની હકીકતો શંકાથી પર સાબીત કરવાની હોતી નથી. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તીત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબીત થયેલી ગણાય.

આ અંગે **નામદાર સર્વોચ્ચ અદાલતે "State of UP V/s. Wasif Haider (2019) 2 SCC 303 "** જેના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૨ તથા ૨૩ માં એમ ઠરાવેલ છે કે,

22. In the instant appeals before us, the prosecution has failed to link the chain of circumstances so as to dispel the cloud of doubt about the culpability of the accused-respondents. It is awell settled principle that a suspicion, however grave it may becannot take place of proof, i.e., there is a long distance between "may be" and "must be", which must be traversed by the prosecution to prove its case beyond reasonable doubt [See Narendra Singh v. State of M.P., (2004)10 SCC 699].

23. This Court in Kailash Gour and Ors. v. State of Assam, (2012) 2 SCC 34 has held that, "44. The prosecution, it is axiomatic, must establish its case against the accused by leading evidence that is accepted by the standards that are known to criminal jurisprudence regardless whether the crime is committed in the course of communal disturbances or otherwise. In short, there can only be one set of rules and standards when it comes to trials and judgment incriminal cases unless the statute provides for anything specially applicable to a particular case or class of cases..."

## <u>ફરીયાદપક્ષનો પુરાવો</u>

**(૮)** ફરિયાદી / તપાસ કરનાર અમલદાર કેતનભાઈ પ્રેમજી ભાઈ ઝાલાને આંક–૭ થી તપાસેલ છે. જેમણે તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, '' હુ તારીખ ૨૧/૦૭/૨૦૨૫ રોજ માંગરોળ પો સ્ટે ખાતે અમો અ હે કો તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ૧૭-૫૦ વાગ્યે આ કામના આરોપી તરુણ સહદેવ વસાવા વાંકલ ગામે એનડી દેસાઇ સાર્વજનિક હાઇસ્કુલ સામે પોતાની પલ્સર મો સા નં જિજે ૧૯ બીપી ૧૪૮૨ પુરઝડપે અને ગફલતભરી રિતે હંકારી લાવી ગુનો કરેલ હોય જેથી વિગતવારની ફરીયાદ મેં આપેલી. જે ફરીયાદ તેમની સહી ઓળખી બતાવૂ છુ. ફરીયાદ રજુ **દાખલ આંક ૮** આપવામાં આવે છે. આ કામે તપાસ પણ મે જ કરેલી. આ કામે પંચનામા પંચો રુબરુ મેં કરેલ. તેમા સહી ઓળખી બતાવુ છુ. જેનો રજુ **દાખલ આંક ૯** આપવામા આવે છે. લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ પુરતા પુરાવા હોઈ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલી. આરોપીને જોઇ ઓળખુ છુ. ''

**(૯.૧)** બચાવપક્ષના વિ.વ.શ્રી તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં નીચે પ્રમાણે છે. '' એ વાત ખરી છે કે બનાવ સમયે મે બોડિવોર્ન કેમેરા રાખેલા ન હતા. એ વાત ખરી છે કે આરોપીને મો સા ની ગતી કેટલી હતી તે અંગે સ્પીડોમિટરના પુરાવા આ આ કામે રજુ નથી. એ વાત ખરી છે કે આ કામના પંચો અવારનવાર રહેતા આવેલા છે. એ વાત ખરી છે કે ફરિયાદિ તથા ત ક અમલદાર હું પોતે જ છુ. એ વાત ખરી છે કે પંચો સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લિધેલા નથી કે સાઇન્ટિફક પુરાવા આ કામે રજુ નથી. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા સારુ ખોટિ તપાસ કરેલ છે. ''

## <u>પુરાવાનું વિશ્લેષણ</u>

**(૧૦)** ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ મુજબ ગુનાની સાબિતીનો બોજો ફરીયાદપક્ષ પર છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવો જોઈએ. કેસના દરેક સાહેદોની પુરાવાની કડી એકબીજા સાથે જોડાવી જોઈએ. આ કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના આરોપ ફરીયાદપક્ષ દ્વારા લગાવવામાં આવેલ છે.

**(૧૧)** હાલના કેસની હકીકતો અને સંજોગો ઘ્યાને લેતાં, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટે સતિષ મહેરા વિરુઘ્ઘ દિલ્હી એકમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાક્ષી તપાસવા તે માત્ર ઔપચારીકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ તપાસવાથી કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખવું જોઈએ અને તેમ કરીને અદાલતના કિંમતી સમયનો દુર્વ્યય થતો અટકાવવો જોઈએ.

નામદાર સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો કાળજીપૂર્વક અને સન્માનપૂર્વક વંચાણે લેતાં તેમાં જે સિધ્ધાંત ઠરાવેલ છે તેનું હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાક્ષીઓ અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરુરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાક્ષીઓ તપાસાઈ ગયા હોય પછી જો તેઓની જુબાનીના આધારે ભાવિ નકકી થઈ શકે તેવું અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ચૌપચારીકતા જ છે અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી તે છે તે જોતાં વિશેષ પુરાવો આ કામમાં લેવો યોગ્ય જણાયેલ નથી અને જે પણ કાંઈ પુરાવો હાલના કેસમાં રજુ થયેલ છે તેના આધારે પણ આરોપીની કસુર કે સંડોવણી હાલના ગુનામાં પુરવાર થતી નથી. જેથી વધુ સાહેદો નહી તપાસી કોર્ટના મહત્વના સમયનો દુર્વ્યય થતો અટકાવવો જરુરી જણાય છે.

**(૧૨)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **<u>સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતિષ ૧૯૯૮ (૮) એસ.સી.સી. પાના નં.૪૯૩</u>** વાળા ચુકાદામાં પેરા નં .૪ ની વિગત ધ્યાને લઈએ તો,

" 4. Merely because the truck was being drain at a 'high speed' does not be spark of either 'negligence' or 'rashness' by itself. None of the witnesses examined by the prosecution could given any indication even approximately, as to what they meant by 'high speed', 'High speed' is a relative term, it was for the prosecution to bring on record material to establish as to what it meant by 'High Speed' in the facts and circumstances of the case. In a criminal trial, the burden of proving every thing essential to the establishment of charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in the favor of the accused until the contrary is proved, criminality is not to be presumed subject of course to some statutory exception. There is no such statutory exception pleaded in the present case, in the absence of any material on the record no presumption of the 'rashness' or 'negligence' could be drawn by invoking the maxim '

**Res ipsa Loquitur '.**"

આમ, ઉપરોકત ચુકાદા મુજબ રેશનેશ અને નેગલીજન્સ ડ્રાઈવીંગનું કોઈ ધોરણ થઈ શકે નહિ. તેમજ પુરઝડપે અને ગફલતની કોઈપણ જગ્યાએ વ્યાખ્યા આપેલ નથી. પરંતુ દરેક કેસના સંજોગો ધ્યાને લઈને તે નકકી થઈ શકે. ફરીયાદપક્ષે તેમનાં સાહેદોનાં નિવેદનોના આધારે આરોપીની ગફલત પુરવાર કરવી પડે. તેમજ આરોપીના વાહનની ઝડપ, તેની બેદરકારી અને ગફલત આ તમામ સંજોગો રેકર્ડ પર લાવવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને તે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ. અને ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદ તથા પંચનામુ વંચાણે લેતા આ કામના આરોપીએ પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવ્યાની હકીકત સાબિત થતી ન હોય ત્યારે માનવું વ્યાજબી જણાતું નથી.

**(૧૩)** વધુમાં, બનાવવાળી જગ્યા પર ત્રાહિત માણસો હોય કે અવરજવર હોય ત્યારે સ્વતંત્ર સાહેદના નિવેદન લેવા જરૂરી બને છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **"Jaikam Khan V/s. State of Uttar Pradesh, 2021 (13) SCC 716 "** માં ઠરાવ્યા મુજબ જયારે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આવા કોઈ સાહેદના નિવેદન લેવામાં આવેલ ન હોય ફરીયાદપક્ષના કેસમાં શંકા જન્માવે છે.

**(૧૪)** આ કામે ઉપરોકત ત.ક. અમલદારને જ તપાસવામાં આવેલ છે. ફરીયાદપક્ષે ત.ક.અમલદારનો પુરાવો જોઈએ તો તે ફરીયાદ અનુરૂપ જણાય આવે છે. બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આવા કોઈ સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદન લીધેલ નથી. તેમજ તેઓએ ફરીયાદ પણ લીધેલ છે અને તપાસ પણ કરેલ છે ત્યારે તે રસ ધરાવનાર સાહેદ ગણી શકાય, ત્યારે સદર સાહેદને સમર્થન કારક બીજા કોઈ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ નથી. જે ધ્યાને લેતા ફકત પંચો તથા ત.ક. અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપી સામેના આક્ષેપો સાબિત થયેલા છે તેમ માની શકાય નહિ.

આમ, ઉપરોકત હકીકત જોતા ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો નથી તેવું મારૂ માનવું છે. ત્યારે આરોપી વિરૂધ્ધના કેસમાં જે શંકાઓ ઉદભવેલ છે તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ તેવું મારૂ નમ્ર

પણે માનવું છે.

**(૧૫)** આમ, ફરીયાદીએ મુકેલ આરોપી સામેનું ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુનાનું તહોમત નિ:શંકપણે (Beyond Reasonable Doubt) પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ◀ હુકમ ▶

**1 ]** આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ મુજબના ગુનાના કામે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2 ]** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય દરમિયાનના **રૂા.૧૦,૦૦૦ ( અંકે રૂપિયા દસ હજાર પુરા**)ના જામીન રજુ કરવા.

**3 ]** આજરોજ આરોપી મુદતે હાજર ન હોય, હાલનો ચુકાદો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૨(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ **પંદર**મી માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૫/૦૬/૨૦૨૬** **( જે. જી. પટેલ )**
**માંગરોળ** એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**માંગરોળ**
**GJ01699**